RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 21* Date: 15.11.2020 Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-













### વડાપ્રધાને જેસલમેરમાં સેનાના જવાનો સાથે દિવાળી મનાવી

# અમને છંછેડશો તો જવાબ જડબાતોડ જ મળશેઃ મોદીનો હૂંકાર

## વડાપ્રધાને આડકતરી રીતે ચીન-પાકિસ્તાન પર હુમલો કર્યોઃ ભારતની સૈન્ય શક્તિની સામે ભલે કોઇ પણ આવી જાય ટકી નહી શકે



જેસલમેર,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓ અને વીર જવાનોને દિવાળીની શુભેચ્છા આપી. આ સાથે ગઇ કાલની નાપાક હરકત અંગે પાક.ને નામ લીધા વિના ચેતવણી આપી કે અમને છંછેડશો તો જવાબ જડબાતોડ જ મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે દિવાળીનો તહેવાર મનાવવા રાજસ્થાનના જેસલમેર સરહદે જવાનોની વચ્ચે પહોંચ્યા હતા. પીએમ મોદી સાથે બિપિન રાવત, સેના પ્રમુખ મુકુંદ નરવણે અને બીએસએફના ડીજી રાકેશ અસ્થાના પણ હાજર રહ્યા હતા. પીએમ મોદીએ જવાનોને સંબોધતા હુંકાર કરતા પાડોશી દેશોને ચેતવણી આપતા જણાવ્યું, 'વિશ્વની કોઈ પણ તાકાત આપણા વીર જવાનોને દેશની સુરક્ષા કરવાથી રોકી શકે તેમ નથી. જો અમને છંછેડશો તો જવાબ આકરો જ મળશે. આજે ભારત આતંકીઓને ઘરમાં ઘુસીને મારે છે.'

પીએમ મોદીએ વધુમાં જણાવ્યું, 'ભારતીય જવાનોની બરાબરી કોઈ ના કરી શકે. તમામ જવાનોને દિવાળીની શુભકામના. હું તમારા માટે મીઠાઇ લઈને આવ્યો છું. મીઠાઈની સાથે-સાથે દેશવાસીઓનો પ્રેમ પણ લાવ્યો છું. તમે છો તો જ દેશ છે અને દેશમાં લોકો તહેવારો ઉજવી શકે છે. હું તમારા માટે દેશવાસીઓનો સ્નેહ લઈને આવ્યો છું. આપણાં જવાનોએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો. દુશ્મનોની હરકતનો આ જ રીતે જવાબ મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, 'જો દેશની કોઈ પોસ્ટનું નામ જો કોઈને યાદ છે તો તે છે લોંગેવાલા પોસ્ટ. અહીં ગરમીમાં તાપમાન ૫૦ ડિગ્રીએ પહોંચી જાય છે અને ઠંડીની ઋતુમાં શૂન્યથી પણ નીચે તાપમાન ચાલ્યું જાય છે. આ પોસ્ટ પર આપના સાથી મિત્રોએ વીરતાની એવી ગાથા લખી નાખી છે કે જે લોકોને આજે પણ યાદ છે.'

જયારે પણ સૈન્યની કુશળતાના ઈતિહાસને વિશે લખવા કે વાંચવામાં આવશે ત્યારે 'બૈટલ ઑફ લોંગેવાલા'ને યાદ કરવામાં આવશે. આ તે સમય હતો કે જ્યારે પાકિસ્તાની સેના બાંગ્લાદેશની જનતા પર ત્રાસ ગુજારી રહી હતી. તેમની આ હરકતોથી પાકિસ્તાનનો છુપાયેલો ચહેરો ઉજાગર થઇ રહ્યો હતો. આ બધા પરથી વિશ્વનું ધ્યાન હટાવવા માટે પાકિસ્તાને આપણાં દેશની પશ્ચિમી સીમા પર મોરચો ખોલી દીધો. તેઓને લાગતું હતું કે, આવું કરીને બાંગ્લાદેશના પાપને દબાવી દઈશું પરંતુ પાકિસ્તાનને લેવાના દેવા પડી ગયા. આ પોસ્ટ પર પરાક્રમની ગુંજે દુશ્મનોનો હોંસલો પરસ્ત કરી નાખ્યો. મેજર કુલદીપ સિંહ ચાંદપુરના નેતૃત્વમાં દુશ્મનોને ધૂળ ચટાડી દીધી.'

જવાનોને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું, 'આપની પાસેથી મળેલી આ જ પ્રેરણાથી દેશ આજે મહામારીના આ કઠિન સમયમાં પણ દરેક નાગરિકના જીવનની રક્ષામાં જોડાયેલો છે. આટલાં મહીનાથી દેશ પોતાના ૮૦ કરોડ નાગરિકોના ભોજનની વ્યવસ્થા કરી રહ્યું છે. પરંતુ આ સાથે જ દેશ અર્થવ્યવસ્થાને ફરીથી ગતિ આપવાનો પ્રયાસ પણ કરી રહ્યો છે.

વડાપ્રધાન મોદીએ દુશ્મનોને ખુલ્લી ચેતવણી આપતા જણાવ્યું, "આજે ભારતની રણનીતિ સ્પષ્ટ છે. આજનું ભારત એ સમજવા અને સમજાવવાની નીતિ પર વિશ્વાસ કરે છે પરંતુ જો અમને આજમાવવાની કોશિશ કરશો તો તેનો જવાબ એટલો જ પ્રચંડ મળશે.

### ૨૪ કલાકમાં દેશમાં ૪૪,૬૮૪ કેસ, વધુ ૫૨૦ લોકોનાં મોત

# દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૮૭.૭૩ લાખને પારઃ મૃત્યુઆંક ૧.૨૯ લાખને પાર



ન્યુ દિલ્હી,તા.૧૪

કોરોના મહામારીના સંકટ વચ્ચે આજે દેશભરમાં દિવાળીનો પર્વ ઉજવાઈ રહ્યો છે. તાજેતરના દિવસોમાં કોરોનાના નવા કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૪,૬૮૪ નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે આજ સમયગાળા દરમિયાન વધુ ૫૨૦ લોકોના મરણ નોંધાયા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર, નવા કેસ ઉમેરાવાની સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા વધીને ૮૭.૭૩ લાખ પર પહોંચી ચૂકી છે. જયારે આ જીવલેણ વાઈરસ અત્યાર સુધી દેશમાં કુલ ૧,૨૯,૧૮૮ લોકોને ભરખી ચૂક્યો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૪૭,૯૯૨ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળ રહ્યાં છે. આ સાથે જ દેશમાં કોરોનાથી સ્વસ્થ થનારા દર્દીઓની સંખ્યા વધીને ૮૧,૬૩,૫૭૨ પર પહોંચી ચૂકી છે. કોરોનાના નવા કેસોમાં કમી અને સ્વસ્થ થનારા દર્દીઓની સંખ્યા વધવાના કારણે એક્ટિવ કેસોની સંખ્યા ૫ લાખની નીચે આવી ગઈ છે.

અત્યારે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૪,૮૦,૭૧૯ રહી ગઈ છે, જેમની વિવિધ હોસ્પિટલોમાં સારવાર ચાલી રહી છે. દેશમાં કોરોનાનો રિકવરી રેટ ૯૩ ટકા પર છે. જયારે પોઝિટિવિટી રેટ ૪.૮ ટકા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૯,૨૯,૪૯૧ ટેસ્ટ રવામાં આવ્યાં છે. દેશની રાજધાની દિલ્હીમાં કોરોનાનો સૌથી વધુ પ્રભાવ જોવા મળી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં જે ૫ રાજ્યોમાં સૌથી વધુ કોરોનાના પોઝિટિવ કેસ મળી આવ્યા છે, તેમાં દિલ્હી ટોચ પર છે. દિલ્હીમાં ૭૮૦૨ નવા કોરોના કેસ મળી આવ્યા છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૧૨૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૮૭૨૪૦**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૬**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૯૯૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૭૧૦૩૧**

# અમેરિકન નાગરિકોને એપ્રિલ સુધીમાં કોરોના વેક્સિન મળી જશેઃ ટ્રમ્પ

વોશિંગ્ટન,તા.૧૪

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ભાષણમાં જણાવ્યું હતું કે, અમેરિકન નાગરિકો આવતા વર્ષે એપ્રિલ સુધીમાં કોરોના વેક્સીન મેળવશે. હાલમાં રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામો બાદ અમેરિકાના આઉટગોઈંગ રાષ્ટ્રપતિનું આ પહેલું જાહેર ભાષણ છે.

ડ્રગ કંપની ફાઈઝરની Pfizer કોરોના રસી વિશે નવીનતમ અપડેટ આપતી વખતે, યુએસ રાષ્ટ્રપતિએ આશા વ્યક્ત કરી કે કોવિડ -૧૯ રસી ૨૦૨૧ના એપ્રિલ સુધીમાં પૂર્ણ થવી જોઈએ. વ્હાઇટ હાઉસના રોઝ ગાર્ડનમાંથી બોલતા, તેમણે કહ્યું, "થોડા અઠવાડિયામાં, પ્રથમ રસી ફ્રન્ટલાઈન કામદારો, વૃદ્ધો અને ઉચ્ચ જોખમ ધરાવતા અમેરિકનોને આપવામાં આવશે. અમારાપ્રયત્નોને લીધે, દરેક નાગરિકને ફાઈઝર Pfizer રસી મફત મળશે.

આ પહેલા શુક્રવારે સમાચાર આવ્યા હતા કે યુનાઈટેડ સ્ટેટ્સના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ, જો બાઈડેન પણ એરિઝોના અને જ્યોર્જિયા પ્રાંતમાં જીત્યા હતા. શુક્રવારે તેમની જીતની ઘોષણા કરવામાં આવી હતી, જેમાં ડેમોક્રેટ પાર્ટીને ૩૦૬ ઈલેકટોરલ કોલેજ વોટ મળ્યા હતા જ્યારે રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પે ૨૩૨ મતો મેળવ્યા હતા. ટ્રમ્પે ઉત્તર કેરોલિનામાં જીત મેળવી હતી.

## તંત્રી સ્થાનેથી...

# અમેરિકાના બંધારણને વફાદાર સર્વોચ્ચ લશ્કરી વડા ટ્રમ્પ માટે પહાડ બનશે કે શું.....?

*સમગ્ર દેશમાં દિપાવલીનુ પર્વ ઉજવાઈ રહ્યુ છે પરંતુ તેમાં ફિકાશ વધુ પ્રમાણમાં છે. બજારોમાં ભીડ મોટા પ્રમાણમાં ઉમટી હતી પરંતુ ખરીદારી નહીવત થઇ છે. વેપારીઓના કહેવા અનુસાર ખરીદી સામાન્ય રહી છે માંડ ૩૦ થી ૩૫ ટકા વિતરણ થયું હશે. જોકે ફેશનેબલ ખરીદી કે શોબાજીની ખરીદી નહીવત રહી છે. જેમાં લાઈટીગ-વિજ વસ્તુઓની ખરીદી માંડ ૨ ટકા હશે. બાકી મોટા ભાગે લોકો પરંપરા તરફ વળ્યા છે. માટીના કોડીયાની ખરીદી વધુ પ્રમાણમાં રહી છે. બીજી તરફ મોટા ભાગના મંદિરો તેમજ પોશ વિસ્તારો વિજ લાઈટ ડેકોરેશન થી જગમગી ઉઠ્યા છે. તો મોટા બિઝનેસ માર્કેટો અને બજારો પણ વિજ લાઈટીગોથી ઝળકી ઊઠયા છે..... પરંતુ કોમનમેનના વિસ્તારોમાં ખાસ ક્યાંય જગમગાટ દેખાતો નથી. મીઠાઈ ફરસાણ ખરીદી માત્ર ૫૦ ટકા થઇ હોવાનો અંદાજ વેપારીઓ બતાવી રહ્યા છે,અગત્યની વાત એ રહી છે કે ચીની ઉત્પાદનોની ખરીદીથી મોટાભાગના લોકો દૂર રહ્યા છે છતાંય ચીની કંપનીના મોબાઈલોનું માર્કેટ યથાવત દોડતું રહ્યું છે.... જે બાબત વિચારણા માગી લે છે કારણ ભારતમાં લોકલ ફોર વોકલમાં સસ્તા અને વધુ સુવિધાવાળા મોબાઈલનું ઉત્પાદન થયું નથી કે પછી સસ્તા મોબાઈલનુ ઉત્પાદન થઈ શક્યુ નથી.... ત્યારે ભારત સરકારે વિદેશોમાંથી કાચું મટીરીયલ ઓછી કિંમતમા મળી રહે તે મંગાવીને મોબાઈલોનુ ઉત્પાદન થાય તે તરફ વિશેષ ધ્યાન આપવું પડશે....!*

*અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણીના પરિણામો બાદ ટ્રમ્પનો ઈરાદો રાષ્ટ્રપતિ પદ છોડવાનો નથી.તેઓ રાષ્ટ્રપતિ પદ પર ચીપકી રહેવા માગે છે જેથી તે માટે બળવો પણ કરી શકે તેવી સ્થિતિનું નિર્માણ કરવા આગળ વધી રહ્યા છે જેમાં અમેરિકાની સમગ્ર સુરક્ષાનું કેન્દ્ર પેન્ટાગોન છે તેમાં મોટાપાયે બદલીઓ કરી પોતાના વફાદારોને ગોઠવી રહ્યા છે. જેના કારણે સમગ્ર અમેરિકામાં ચિન્તા ફરી વળી છે. અને આ સમયે અમેરિકાના સર્વોચ્ચ લશ્કરી વડાએ લશ્કરી મ્યૂઝિયમના ઉદઘાટન સમયે કહ્યું હતું કે અમેરિકાની તમામ સૈન્ય પાખના લડાકુઓ બંધારણને વફાદાર છે તેઓ રાજા કે રાણીને વફાદાર નથી.આ સૈન્ય લડાકુઓ કોઈ વ્યક્તિને વફાદાર રહેવાના શપથ લેતા નથી પરંતુ અમેરિકાના બંધારણને વફાદાર છીયે અને રહીશું તેવા શપથ લે છે. તેમની આ વાણી અમેરિકામાં સ્થિતિ ગંભીર હોવાનો સ્પષ્ટ ઈશારો આપે છે.તે સાથે રાષ્ટ્રપતિ પદે ચિટકી રહેવાના ટ્રમ્પના હવાઈ કિલ્લાનો ભૂકો ઊડી ગયો હોય તેવું લાગે છે.અમેરિકાના લશ્કરી વડા લશ્કરી એકતા અને અખંડિતતા માટે સતત બાજ નજર રાખી રહ્યા છે. બીજી તરફ ટ્રમ્પના રાષ્ટ્રપતિપદના માત્ર બે મહિના બાકી રહ્યા છે ત્યારે ચીનને મોટામાં મોટો ઝટકો આપ્યો છે. જેમાં ચીની લશ્કર કે તેની સામ્યવાદી કંપનીઓ સાથેની તમામ લશ્કરી ખરીદી- વેચાણ માટે તેની ૩૧ જેટલી કંપનીઓ પર ૧૧ જાન્યુઆરીથી પ્રતિબંધના આદેશ આપી દીધા છે. જે માટે તેમણે અમેરિકાની સુરક્ષા માટેનું કારણ દર્શાવ્યું છે. જેના કારણે ચીનને આર્થિક રીતે મોટુ નુકસાન થશે... પરંતુ ટ્રમ્પે રાષ્ટ્રપતિ પદે ચીટકી રહેવા માટે જે નિવેદનો કર્યા અને તંત્રમાં ફેરફારો કર્યા તેને લઈને હવે મોટા ભાગના લોકોમાં તેઓ તરફની લાગણીમા મોટી ઓટ આવી ગઈ છે તે સ્પષ્ટ દેખાઈ આવે છે.....!*

*વંદે માતરમ*















### નવસારી અમદાવાદી શ્રીમાળી સોની પંચવાડી ટ્રસ્ટ



આ સમાજના ઘણા પરિવારો નવરાત્રીમાં કુળદેવીની સ્થાપના કરે છે તેની સચિત્ર માહિતી આપણે ગત નવરાત્રીના દિવસોમાં જોઈ. પણ એક કુળ દિવાળીના દિવસોમાં પણ માતાજીનુ સ્થાપન કરે તેની સચિત્ર માહિતી જોઈએ.

આ પરિવાર નવરાત્રીમાં માતાજીની સ્થાપના કરતુ નથી.

**એંધરવાળા કુળદેવી બ્રહ્માણી માતાજી**

ઉપવાસ કરનાર: મહેશભાઈ બચુભાઇ પારેખ એંધર ગામ

સ્થાપના: તા:13-11-2020 ને ધનતેરસના રોજ રાત્રે 12 વાગ્યે

છેલ્લી 5 પેઢીથી કુળના તમામ પરિવારો રાત્રે 12 વાગ્યે પૂજા ભજન કીર્તન સાથે માતાજીનુ સ્થાપન કરે છે.

ઉથાપન: તા 16-11-2020 ને ભાઈબીજના રોજ થશે.

નોંધ: નવસારીથી 10 km દૂર આવેલ એંધર ગામે કુળના તમામ પરિવારો રાત્રે 12 વાગ્યે (ધનતેરસની રાત્રી/કાળીચૌદશની સવાર) એકત્ર થઈ બ્રહ્માણી માતાના આશીર્વાદ મેળવે છે.

### ઈંડિયન લાયન્સ ગાંધીનગર સ્વર્ણિમ કલબ દ્વારા

# સેક્ટર ૨૪ અને સેક્ટર ૧૩ ની ગરીબ વસાહત ના બાળકો ને મીઠાઈ અને ફૂલઝડી નું વિતરણ





ગાંધીનગર ઈંડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ દ્વારા દિવાળી પર સેક્ટર ૨૪ અને સેક્ટર ૧૩ ની ગરીબ વસાહત ના બાળકો ને પ્રમુખ શ્રી રાધેશ્યામ યાદવ, ઉપ પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ, શ્રી મંગળ સિંહ સોલંકી ઉપ પ્રમુખ, શ્રી સંજીવ યાદવ કોષાધ્યક્ષ, શ્રી કાંતિભાઈ પટેલ એડવોકેટ, શ્રી મહેન્દ્ર ભાઈ ચૌહાણ, શ્રી નિમૅશ ચૌહાણ, શ્રી અંકિત કુમાર અને લાલસિંહ, શ્રી મનીષા બેન સેક્રેટરી, શ્રી જયેશ ભાઇ ગોહિલ, શ્રી યોગી જી ઉપસ્થિત રહ્યા હતા અને મીઠાઈ તથા ફૂલઝડી ની વહેંચણી કરી હતી

આ કાર્યક્રમ માં રાધેશ્યામ યાદવ દ્વારા બાળકોને દિવાળી ની સમજ આપી હતી શ્રી યોગી જી એ બાળકોને દિવાળી કેમ ઉજવવામાં આવે છે તે સમજાવ્યું હતું ડૉ ગુલાબચંદ પટેલ ઉપ પ્રમુખ દ્વારા બાળકો ને નવા વર્ષની ઉજવણી નિમિતે સવારે વહેલા ઊઠી દિપ જલાવી જે ભગવાન માં વિશ્વાસ હોય તેમની પૂજા કરવી અને ત્યાર બાદ સૌ પ્રથમ પોતાના માતા પિતા ને પગે લાગી અન્ય ને દિવાળી ની શુભ કામના ઓ પાઠવવામાં આવે

આ પ્રસંગે અંત આભારવિધિ એડવોકેટ શ્રી કાંતિભાઈ પટેલ ઈંડિયન લાયન્સ દ્વારા કરવામાં આવી હતી અને રાષ્ટ્ર ગીત નું સમૂહ ગાન કરી બાળકો ને મીઠાઈ અને ફૂલઝડી નું વિતરણ કરવામાં આવ્યું હતું

ડૉ ગુલાબચંદ પટેલ



ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ.સો.લી. મોડાસા

વ્યવસ્થાપક કમિટિ સભ્યોની યાદી વર્ષ-૨૦૧૬-૨૦૨૧

| ક્રં. | વ્ય.ક.સભ્યનુ નામ | હોદ્દો | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧ | ટીંટોઈયા અ.રજ્જાક હાજી હુસેનભાઈ | પ્રમુખ | ૯૪૨૬૫૧૨૨૯૮ |
| ૨ | મનવા અ.રહીમ ઈસ્માઈલભાઈ | ઉપપ્રમુખ | ૯૪૨૬૫૨૨૮૨૮ |
| ૩ | બાકરોલીયા ભીખાભાઈ સુલેમાનભાઈ | વ્ય.સભ્ય | ૯૪૨૭૦૫૯૮૧૭ |
| ૪ | બાંડી મ.રફીક મુસ્તુફાભાઈ | વ્ય.સભ્ય | ૮૫૧૧૬૨૧૨૧૨ |
| ૫ | સાબલીયા મ.સલીમ ગુલામહુસેન | વ્ય.સભ્ય | ૯૯૦૪૯૨૬૯૫૧ |
| ૬ | ટીંટોઈયા ઉસ્માનગની ઈસ્માઈલભાઈ | વ્ય.સભ્ય | ૯૪૨૬૩૯૩૭૫૨ |
| ૭ | ગેણા સિકંદરભાઈ હાજી ઈબ્રાહીમભાઈ | વ્ય.સભ્ય | ૯૪૨૭૦૫૯૩૭૭ |
| ૮ | ચમાર સોમાભાઈ નથ્થુભાઈ | વ્ય.સભ્ય | ૯૭૨૭૪૬૬૨૧૫ |
| ૯ | બાંડી ફાતમાબેન ઈબ્રાહીમભાઈ | વ્ય.સભ્ય | ૮૭૩૪૮૭૩૫૫૨ |
| ૧૦ | સુથાર મ.નજીર ઐયુબભાઈ | કો.ઓપ.સભ્ય | ૯૪૨૬૫૬૦૪૪૪ |
| ૧૧ | સુથાર મો.સમીર ગુલામહુસેન | કો.ઓપ.સભ્ય | ૯૮૯૮૬૬૪૧૯૯ |
| ૧૨ | ઈપ્રોલિયા અ.રજ્જાક મ.હુસેન | મેનેજર | ૯૦૧૬૭૯૧૮૩૦ |






# અમદાવાદ ટ્રાફિક પોલીસ ૫ દિવસ માટે વાહન ચાલકો પાસે દંડ નહીં વસૂલે

અમદાવાદ,તા.૧૪

શહેરમાં ટ્રાફિકના નિયમોનું કડક રીતે પાલન કરાવવાં માટે અમદાવાદ પોલીસ તંત્ર દ્વારા આકરી કાર્યવાહી કરવામાં આવી રહી હતી. ત્યારે આજથી પાંચ દિવસ ટ્રાફિક પોલીસ દ્વારા શહેરીજનોમાં ટ્રાફિકના નિયમોને લઈને જાગૃત્તા આવે તે માટે અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

જેમાં આજથી પાંચ દિવસ ટ્રાફિક પોલીસ દંડ વસુલવામાં નહિ આવે પણ ટ્રાફિક ભંગ કરનારા એક ફૂલ આપી સન્માન કરવામાં આવશે સાથે જ પોલીસ વાહન ચાલકો સમજાવશે કે ટ્રાફિકનું પાલન કરો. અમદાવાદ માં અલગ અલગ ચાર રસ્તા પર ટ્રાફિક પોલીસ ભંગ કરનાર વાહન ચાલકો પકડીને ફૂલ આપી રહ્યા છે સાથે જ માસ્ક ન પહેરનાર માસ્ક આપી રહ્યા છે એટલે પાંચ દિવસ સુધી પોલીસ કોઈ પ્રકાર દંડ નહિ વસુલે પણ લોકોએ તહેવાર દિવસે ટ્રાફિક પાલન અને કોરોનાની ગાઈડ લાઈન પાલન કરવું ખૂબ જરૂરી છે.

### રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા દેશ ના પ્રથમ વડાપ્રધાન

# પંડિત જવાહરલાલ નેહરુ ની જન્મજયંતિ નિમિત્તે તેમની પ્રતિમા ને પુષ્પ અર્પણ કરવામાં આવ્યા







રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા દેશ ના પ્રથમ વડાપ્રધાન, આધુનિક ભારતના શિલ્પી, બાળકોના પ્યારા, ભારત રત્ન સ્વ.શ્રી પંડિત જવાહરલાલ નેહરુજી ની જન્મજયંતિ નિમિત્તે તેમની પ્રતિમા ને પુષ્પ અર્પણ કરવામાં આવ્યા. આ તકે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી અશોકભાઈ ડાંગર, રાજકોટ મહાનગરપાલિકાના વિરોધપક્ષ ના નેતા વશરામભાઈ સાગઠીયા, મનપા ઉપનેતાશ્રી મનસુખભાઈ કાલરીયા, દિનેશભાઈ મકવાણા, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ મહામંત્રી દિપ્તીબેન સોલંકી, વશરામભાઈ ચાંડપા, પ્રવીણભાઈ મેયડ, વોર્ડ પ્રમુખ ગીરીશભાઈ ઘરસંડિયા, માંઈનોરીટી ચેરમેન યુંનુશભાઈ જુણેજા, ફરિયાદ સેલ ચેરમેન આશિષસિંહ વાઢેર, કોંગ્રેસ આગેવાનો ઠાકરસીભાઈ ગજેરા, અરવિંદભાઈ ભેસાણીયા, માણસુરભાઈ વાળા, પ્રવીણભાઈ સોરાણી, દાનાભાઈ હુંબલ, રાજુભાઈ લીંબાસીયા, ઈબ્રાહીમભાઈ સોરા, રોહિતભાઈ બોરીચા, ગજેન્દ્રસિંહ ઝાલા, ડાયાભાઈ શેઠિયા, સંજયભાઈ સાગઠીયા, કેતનભાઈ ડાંગર, સંકેતભાઈ રાઠોડ, અરવિંદભાઈ મુછડિયા, રીટાબેન વડેચા, શાંતાબેન ચાવડા, ધીરુભાઈ ડાભી, રાજકોટ શહેર કોંગ્રેસ કાર્યાલય મંત્રી ગોપાલ મોરવાડિયા તથા રાજકોટ મહાનગરપાલિકા ના કોંગ્રેસ કાર્યાલય મંત્રી વિરલ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

### નિવૃત થતા કર્મચારીઓને શાલ સન્માનપત્ર આપી સન્માનિત કર્યા

# અમદાવાદ જિલ્લા શિક્ષણ વિભાગ જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા શૈક્ષણિક કર્મચારીઓનું સન્માન કરાયું



.સાણંદની સી.કે.હાઈસ્કૂલ માં સાણંદ મુકામે અમદાવાદ જિલ્લા ગ્રામ્ય વિસ્તાર ના જિલ્લા શિક્ષણાધિકારી રાકેશભાઈ વ્યાસ ના માર્ગદર્શન જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિ અમદાવાદ તથા અણ હિલ પાટણ સંકુલ ના ઉપક્રમે સરકાર તમારા દ્વારે કાર્યક્રમ નું આયોજન આજરોજ તા.૨/૧૧/૨૦ ના કરવામાં આવેલ અને નિવૃત થતા શૈક્ષણિક કર્મચારીઓને શાલ..સન્માનપત્ર..લાસ્ટ પે સર્ટિફિકેટ તથા ફોર્મ..૨૨ આપી ને સન્માનિત કરવામાં આવ્યા હતા તેમાં જિલ્લા શિક્ષણા ધિકારી ની કચેરી માંથી એઈઆઈ પારુલબેન તથા એઈઆઈ ઠાકરભાઈ તથા સંકલન સમિતિ માંથી રાજ્ય વ્યાયામ મંડળ ના પ્રમુખશ્રી રણજીતસિંહ વાઘેલા તથા માધ્યમિક સંઘ ના પ્રમુખ શ્રી રામદેવસિંહ ઝાલા તથા અણ હિલ પાટણ સંકુલ ના કન્વીનર દીનેશભાઈ પટેલ સી.કે.હાઈસ્કૂલ ના પ્રિન્સિપાલ મુકુંદભાઈ પટેલ હાજર રહી નિવૃત થતા શૈક્ષણિક કર્મચારીઓ ને સન્માનિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમ નું સંચાલન જયદેવભાઈ ગઢવી એ કર્યું હતું.અણ હિલ પાટન સંકુલ ના નિવૃત થતા શિક્ષકશ્રી..ક્લાર્ક સહિત શૈક્ષણિક કર્મચારીઓને સન્માનિત કરાયા હતા તેમાં જે.ડી.જી.કન્યા વિદ્યાલય ના શ્રીમતી નીલમબેન વ્યાસ સહિત ૧૨ કર્મીઓનું સન્માન કરાયું હતું જિલ્લા શિક્ષણાધિકારી સાહેબ તથા તેઓની કચેરી તથા સંકલન સમિતિ દ્વારા આવી સુંદર કાર્યક્રમ જેમાં નિવૃત થતા કર્મચારીનું શાલ અને પ્રમાણપત્ર આપી સન્માન અને પેન્શન માટે મહત્વના એવા લાસ્ટ પે સર્ટી તથા ફોર્મ.૨૨ આપવા જિલ્લા ની કચેરીના એજ્યુકેશન અધિકારીશ્રી હાજર રહીને આપે તેવા સુંદર કાર્યક્રમ કરવા બદલ નિવૃત કર્મીઓ એ આ કાર્ય ની મુક્તકંઠે પ્રસંશા કરી હતી.આ કાર્યક્રમ યોજવા બદલ સૌનો આભાર માન્યો હતો



મનજોબન વાર્તા સ્પર્ધા જૂન-૨૦૧૭

### "અનોખી વિદાય"

આજે સવારથી જ દિવ્યા ખુશખુશાલ હતી. દિકરો મોનુ અને દિકરી સોનુ શાળામાંથી પીકનીક પર ગયા હતા. પતિ મહાશશ ઓફિસનાં કામે ૨ દિવસ માટે મુંબઈ ગયાં હતાં અને એટલે જ એની ખાસ સહેલી અરૂણાને એણે મળવા બોલાવી હતી. કાગડોળે રાહ જોઈ રહેલી દિવ્યાની આતુરતાનો અંત આવ્યો. અરૂણાનાં આગમનથી છડી પોકારતી ડોરબેલ રણકી અને દિવ્યાનો તો જાણે ચારે કોઠે દિવા થયાં બારણું ખોલતાં બારણામાં બન્ને સહેલીઓ ભેટી પડી. દિવ્યાનાં સાસુએ અરૂણાને અંદર તો આવવાદે એમ કહેતાં જ તંદ્રામાંથી જાગ્યા હોય એમ બન્ને છૂટાં પડયા અને ઘરમાં આવ્યા. બંનેને હિંચકો ખૂબ જ પ્રિય. બગીચામાં હિંચકા પર ચા અને ભજીયાની લિજ્જત માણતાં વાતો એ વળગ્યાં.

શાળાની તોફાન, મસ્તી, કોલેજની મીઠી મીઠી વાતો એમ કેટલી બધી વાતોનો ખજાનો. અરૂણાનું સાસરું, પિયર એક જ ગામમાં ચીખલીમાં. દિવ્યાનાં ભાઈ-ભાભી ભરૂચ રહે એટલે દિવ્યાનું જવા-આવવાનું ભરૂચમાં. ઘણાં વર્ષોથી દિવ્યા ચીખલી જઈ શકેલી નહિ અને અરૂણાને મળતાં જ એને ચીખલીની, ત્યાંના લોકોની યાદ આવી ગઈ.

સાથે ભણતાં છોકરા-છોકરીની વાતો કરતાં કરતાં ગામનાં લોકોની વાત નીકળી. ત્યાંજ દિવ્યાને એકાએક મમતાકાકી યાદ આવી ગયાં. અને લાગલું જ અરૂણાને પૂછયું મમતાકાકી કેમ છે? શું કરે છે? હજુ પણ ગરબા ગાવા જાય કે? મમતાકાકી એટલે મમતાકાકી. એમને ઘણી વખત યાદ કરૂં અને મારા પતિને પણ એમની વાતો કરૂં. મમતાકાકી એટલે મમતાકાકી.

ઉંમરને ગાંઠે એ બીજા. ગરબા અને લગ્નગીતો તો એમને ખૂબ જ પ્રિય. વૃંદાવન સોસાયટીમાં મમતાકાકીનું રહેવાનું અને એમણે કારણે જ ગામ આખામાં વૃંદાવન સોસાયટી પ્રખ્યાત. કોઈપણ હરીફાઈ હોય મમતાકાકીની ઉમેદવારી હોવાની જ. હંમેશાં હસતાં જ હોય. એમની તો એક જ વાત શ્વાસ લખાવીને લાવ્યા એટલાં વાપરવાનાં જ છે તો હસતાં હસતાં શું કામ ન વાપરીએ? સોગીયું મોઢું રાખીને જીવવામાં શી મજા?

ગરબાનો, ફરવાનો, વાંચન, લેખન, પરહેરવા, ઓઢવાનો તમામ પ્રકારનાં શોખનું સંગ્રહસ્થાન એટલે મમતાકાકી. સાંઈઠની ઉંમરે પણ તરવરાટ યુવાનોને શરમાવે એવો. જાણે દજ્જી। ૧૬દ. એમને મન જીતવું નહિં, ભાગ લેવો અગત્યનો. ગરબા અને લગ્નગીત તાણાવાણાની જેમ એમની જીંદગીમાં વણાયેલાં. નવરાત્રિ આવે એટલે તો એમનામાં મા જગદંબા સદેહે પધાર્યા હોય એવો થનગનાટ.

હાં, તો અરૂણા આ મમતાકાકી કેમ છે? હવો તો ૭૦ નાં થયાં હશે? હજુ પણ એવાં જ કે? આટલું સાંભળતાં અરૂણાનું મોં રડું રડું થઈ ગયું કહે કે દિવ્યા શું વાત કરૂં? મમતાકાકી હવે નથી રહ્યા. ગઈ કાલે જ એમનું અવસાન થયું. સાંભળતાં જ મારાથી ડુસકું મુકાય ગયું, કે તરત જ અરૂણાએ મને અટકાવી, રડીને એમના આત્માને દુ:ખી નાં કરીશ. હસતાં હસતાં વિદાય લીધી છે મમતાકાકીએ.

મમતાકાકીની અંતિમયાત્રાની વ્યવસ્થા પણ કેવી? તું સાંભળ, યાદ છે? એમના ખાસ બહેનપણી પદમામાસી એમને પોતાનું મરણ થાય ત્યારથી લઈને સ્મશાનમાં અગ્નિદાહ દેવાય ત્યાં સુધીનું આયોજન સમાજાવેલું.

સફેદ કપડાં પહેરવા નહિ. ગરબાનો ખૂબ જ શોખ એટલે એમની ફરતે ગરબા ગાવા તે પણ બાંધણી જેવાં ગરબામાં પહેરાતાં કપડા પહેરીને. સ્મશાનમાં પણ જાણે વરઘાડો જતો હોય તેમ ગરબા ગાતા ગાતા લઈ જવાં. અગ્નિદાહ પહેલાં ફરતે ગરબા ગાવા. બધી બ્હેનોને પણ સ્મશાનમાં લઈ જવી. બેસણાંને દિવસે લગ્નગીતની હરીફાઈ રાખવી. તેર દિવસ સુધી રોજ ગીત, ગરબા, ખાયણાં જેવાં કાર્યક્રમો રાખવા. તેરમાનાં દિવસે અંતાક્ષરી, હરીફાઈ રાખવી. બીલકુલ શોકનું વાતાવરણ નહીં આનંદનો જ માહોલ રાખવો. આમ, મંગલમય વિદાય આપવી.

અને તે જ પ્રમાણે એમનાં સંતાનોએ મંગલમય વિદાય આપી. આટલું સાંભળનાં જ મારાથી બોલી જવાયું વાહ, કેવું પડે મમતાકાકીની "અનોખી વિદાય". સલામ 'evergreen lady'

વિભૂતિ દેસાઈ ઘાસવાલા વિભૂ"

સરનામું- સુનિકેત, દેસરા રોડ, બિલીમોરા

સહિયારું પ્રકાશન પાંદળે ઝીલ્યું ઝાકળ ભાગ ૧ અને૨ માં ૩ ,૩ કવિતા સુકી ડાળે ચકલી માં એક લેખ સ્વ ને શોધું શબ્દ માં× પુસ્તક માં ૩ કવિતા માતૃભારતી આયોજીત ઓલ ઈન્ડિયા ઈન્સપીરેશનલ સ્ટોરી કોમ્પીટીશન.માં પ્રથમ ઈનામ.૨૦૧૮મા ખેલ મહાકુંભમાં ચેસ માં તાલુકા કક્ષાએ પ્રથમ અને જીલ્લા કક્ષાએ દ્વિતીય નંબરે વિજેતા.

શોખ- વાંચન,લેખન ફરવું,ચેસ રમવુ,નાટક માં ભાગ લેવોએક નાટક ચાલો જંગ જીતવા ભજવેલું











## દિવાળીના પર્વને લઇ અમદાવાદના ભદ્રકાળી મંદિરમાં ભક્તોની ભીડ જામી


અમદાવાદ,તા.૧૪

આજે વિક્રમ સંવત ૨૦૭૬નો છેલ્લો દિવસ છે. જયારે ઠેર-ઠેર દિવાળીની ઉજવણી થઇ રહી છે. દિવાળીનો પર્વ એ હર્ષ અને ઉલ્લાસનો પર્વ છે. જયારે આજે આ પર્વને લઈને મંદિરોમાં દર્શન માટે ભક્તોની ભીડ ઉમટી પડી હતી. અમદાવાદના ભદ્રકાળી મંદિરમાં ભક્તોનો ઘસારો જોવા મળ્યો હતો.

કોરોનાને લઈને સામાજીક અંતર સાથે લોકોએ દર્શનનો લાભ લીધો હતો. આવતીકાલથી શરૂ થતુ નવુ વર્ષ શુભ જાય તેની કામના અર્થે વહેલી સવારથી મંદિરમાં ભક્તો ઉમટ્યા છે. અમદાવાદનાં સૌથી જુના અને એતિહાસિક નગરદેવી ભદ્રકાળી મંદિર સાથે અનેક લોકવાયકાઓ જોડાયેલી છે. ખાસ કરીને કોરોનાના કહેર વચ્ચે ભક્તોઓ દર્શનનો લાભ લીધો હતો. આજે નગર દેવી ભદ્રકાળી માતાજીને લક્ષ્મીજીના રૂપમાં શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. ખાસ કરીને કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખીને મંદિરના પ્રાંગણમાં ભીડ ભેગી ન થાય તે માટે ખાસ વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ સામાજીક અંતરનું પાલન કરીને મોટી સંખ્યામાં ભક્તોએ મા ભદ્રકાળીના દર્શનનો લ્હાવો લીધો છે.







## વિચાર વિમર્શ

### પરમાત્મા ની શકતિ

આપણે એટલેકે જીવાત્મા એક ખડ માં રહે અને આત્મા પરમાત્મા બીજા ખંડ માં રહે તેવી કોઈ વ્યવસ્થા આ જગત માં નથી.બંને એક જ શરીર માં વિધ્યમાંન છે .પરમાત્મા એ જીવાત્મા ને કોઈ ગમેતેમ વર્તવાની છૂટ આપી નથી. મનુષ્ય બેફિકરો થઈ ને કર્મ કરે તે પરમાત્મા ને મંજૂર નથી.ઈશવરે તેને ઓછો વધતો જ્ઞાન પ્રકાશ આપ્યો છે.આ જગત ના બીજા સજીવ નિર્જીવ પ્રાણીઓ કરતા મનુષ્ય માં મન બુધ્ધિ રૂપી કઈક વિશેસ આપ્યું છે મનુષ્ય માં જ્ઞાન ની,શૂધબૂદ્ધિ ની સભાનતા હોય છે અને આ સભાનતા માં મનુષ્ય ને પોતાની મર્યાદા નું,પતન નું,ભગવાન ના વિયોગ નું ભાન રહે છે. એક વાત ચોક્કસ છે કે પરમાત્મા આજગત ની સર્જન અને વિસર્જન કરે છે.અવતાર ધારણ કરી ને ધર્મ ની સ્થાપના અને લોકસંગહ કરે છે.દુષ્ટો નો નાશ કરે છે.એટ્લે કે પરમાત્મા જ આ જગત માં સર્વ શક્તિમાન,સર્વ સંપુર્ણ,સનાતન અને પૂર્ણ સંકલ્પ શક્તિ ધરાવે છે તેનેજ પોતાની ઇછ્છા શક્તિ થી મનુષ્ય માં પણ સંકલ્પ શક્તિ અને ઈચ્છા શક્તિ નો સંચાર કરયો છે. માત્ર મનુષ્ય ને પ્રકૃતિ થી બંધાયેલો છે.તેમ માનવું ભૂલ ભરેલું છે પ્રકૃતિ થી પર પણ કોઈ ગુણાતીત તત્વ નો વાસ તેનામાં છે. એ વાત સાચી છે કે તે તત્વ નો પ્રકાશ,તે તત્વ નું સત્ય દર્શન,તે તત્વ નો શુધ્ધ આનંદ કે તે તત્વ ની સંકલ્પ શક્તિ તેનામાં સહેલાઈ થી આવી શક્તી નથી,પણ તે મેળવાનો પ્રયન્ત તો અવશ્ય કરે છે મનુષ્ય ના હદય માં પરમાત્મા તો વસેલો જ છે તેથી તેની અનુસંધાન તો અવશ્ય થઈ શકે છે અને પરમાત્મા નું જ્ઞાન થતાં,તેને આત્મ સમર્પણ કરવાથી.મનુષ્ય ની મર્યાદાઓ ઓછી થશે, સાથો સાથ શુધ્ધબુધ્ધિ,આત્મ વંચના ,ખોટા મથન દૂર થશે.આ બધુ દૂર થતાં મનુષ્ય ને પરમાત્મા નું અનુસંધાન થશે.પરમાત્મા પ્રત્યે શુધ્ધભાવ થી ગતિ થતાં ગુણાતીત થવાશે,તેમજ પ્રકૃતિ ના ગુણો નું સ્વરૂપ જ બદલાઈ જશે અને તેનાથી પર થઈ જવાશે.અને પરમ તત્વ ની અનુભૂતિ માં સહાય રૂપ બનશે.શુભમ્ ભવતુ.

ભરત દવે ૧૪-૧૧

## ગુજરાત ગૌવ્રતી રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગાંધીનગર ખાતે શુભેચ્છા મુલાકાત કરતા રાષ્ટ્રીય કામધેનુ આયોગના અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરીયા

### રાજયપાલજીને ગાયના ગોબરમાંથી બનાવેલ દિવડાઓ ભેટ આપીને અભિવાદન કરતા ડો. વલ્લભભાઈ કથીરીયા



ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરીયાની પ્રેરણાથી આ વર્ષે ૧૧ કરોડ પરીવારોમાં ૩૩ કરોડ દેવી–દેવતાઓનો વાસ ધરાવતી ગૌમાતાના ગોબરમાંથી બનેલ ૩૩ કરોડ દિવા પ્રગટે તે માટે ''કામધેનુ દિવાપલી અભિયાન'' ના મંગલાચરણ કરવામાં આવ્યા છે. ગુજરાત રાજયના મહામહીમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત દરમ્યાન ગાયના ગોબરમાંથી બનાવેલ ગોમય દિવડાઓ આપી અભિવાદન કર્યું હતું.

આ અભિયાન અંગેની તમામ માહિતી જાણી મહામહીમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પોતાના હૃદયની પ્રસન્નતા વ્યકત કરીને આ અભિયાનને સમર્થન આપ્યું હતું. ''આત્મ નિર્ભર ભારત'', ''વોકલ ફોર લોકલ'', ગ્રીન ઈન્ડિયા, મેઈક ઈન ઈન્ડિયા સહીતના પ્રધાનમંત્રીજી નરેન્દ્રભાઈ મોદીના અનેક સ્વપ્નોને સાકાર કરી શકવાનું સામર્થ્ય ધરાવતી ''ગૌ આધારીત અર્થતંત્ર વ્યવસ્થા'' દ્વારા સમગ્ર રાષ્ટ્રનું અને સમગ્ર વિશ્વનું કલ્યાણ થઈ શકશે. આ તબકકે મહામહીમ રાજયપાલજીનું ''ગોમય દિવા'' અર્પણ કરીને અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ શુભેચ્છા મુલાકાત દરમ્યાન રાષ્ટ્રીય કામધેનુ આયોગના 'કામધેનુ દિપાવલી અભિયાન' નાં મિતલ ખેતાણી, મયુર ઠકકર, સુનિલ કાનપરીયા, રાહુલ શેઠ, ડો. ભાવીન કથીરીયા, દીનતા કથીરીયા વિગેરે જોડાયા હતા.


દિપાવલી પર્વની હાર્દિક શુભકામના

માણાવદર તાલુકાના સર્વે નાગરીકોને રોશનીથી ઝળહળતા દિપાવલી પર્વની શુભકામના. શરૂ થનાર નૂતન વર્ષ સર્વે લોકો માટે આરોગ્ય, યશ, કિર્તી, ઉન્નતી આપનારું બની રહે તેવી હાર્દિક શુભકામનાઓ.

રક્ષાબેન પંડયા - આર્યન પંડયા

કિરણબેન પટેલ - ચાર્વી પટેલ

માણાવદર






### સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૪૫૫ અને ચાંદીમાં રૂ.૧,૫૧૪નો ઘટાડો

# બિનલોહ ધાતુઓમાં સાર્વત્રિક વૃદ્ધિઃ ક્રૂડ તેલના વાયદાના ભાવમાં ઉછાળોઃ કપાસ, સીપીઓ,મેન્થા તેલમાં સુધારાનો સંચાર

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૬થી ૧૨ નવેમ્બરના સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓ અને ઈન્ડેક્સ ફ્યૂચર્સમાં મળીને ૩૩,૭૩,૦૮૪ સોદાઓમાં કુલ રૂ.૨,૦૬,૬૨૯.૨૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૪૫૫ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૧,૫૧૪નો ઘટાડો થયો હતો. તમામ બિનલોહ ધાતુઓમાં સાર્વત્રિક વૃદ્ધિ ભાવમાં થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં ઉછાળો હતો. નેચરલ ગેસ પણ વધી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, સીપીઓ અને મેન્થા તેલમાં સુધારાનો સંચાર થયો હતો. કોટનનો વાયદો જળવાયેલો હતો.

સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓનો સૂચકાંક એમસીએક્સ બુલડેક્સનો નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૫,૯૨૬ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં ૧૬,૨૩૯ અને નીચામાં ૧૫,૨૦૩ના સ્તરને સ્પર્શી, ૧,૦૩૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૪૧૮ પોઈન્ટ (૨.૬૧ ટકા) ઘટીને ૧૫,૫૮૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક એમસીએક્સ મેટલડેક્સનો નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૨,૪૫૦ના સ્તરે ખૂલી, ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં ૧૨,૭૭૭ અને નીચામાં ૧૨,૪૧૩ બોલાઈ, ૩૬૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૨૪૭ પોઈન્ટ (૧.૯૮ ટકા) વધી ૧૨,૭૦૪ના સ્તરે બંધ થયો હતો. સપ્તાહ દરમિયાન બુલડેક્સ ફ્યુચર્સમાં ૨૦,૬૭૨ સોદાઓમાં કુલ રૂ.૧,૮૦૮.૯૯ કરોડનાં ૨૩,૦૫૫ લોટ્સ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૩,૯૦૯ સોદાઓમાં કુલ રૂ.૨૬૦.૬૩ કરોડનાં ૪,૧૨૫ લોટ્સનું વોલ્યુમ નોંધાયું હતું, જ્યારે ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે બુલડેક્સ ફ્યુચર્સમાં ૬૭૦ લોટ્સ અને મેટલડેક્સમાં ૨૮૦ લોટ્સના સ્તરે રહ્યો હતો.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૯૧૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૨,૫૨૦ અને નીચામાં રૂ.૪૯,૫૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૧,૪૫૫ (૨.૮૦ ટકા)ના ભાવઘટાડા સાથે રૂ.૫૦,૬૦૦ના સ્તરે બંધ થયો હતો.

ગોલ્ડ-ગિનીનો નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૧,૭૨૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૧૫૪ (૨.૭૭ ટકા)ના ઘટાડા સાથે રૂ.૪૦,૫૭૮ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫,૨૨૪ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૩૮ (૨.૬૪ ટકા) ઘટી બંધમાં રૂ.૫,૦૯૬ના ભાવ થયા હતા.

સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૯૦૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઊપરમાં રૂ.૫૨,૫૩૦ અને નીચામાં રૂ.૪૯,૫૨૬ સુધી જઈ સપ્તાહના અંતે રૂ.૧,૪૩૬ (૨.૭૬ ટકા) ઘટી બંધમાં રૂ.૫૦,૬૫૨ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૪,૪૭૯ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૬૬,૪૭૮ અને નીચામાં રૂ.૬૦,૫૬૦ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૧,૫૧૪ (૨.૩૬ ટકા)ના ભાવઘટાડા સાથે રૂ.૬૨,૭૩૯ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-મિની નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૬૪,૫૦૦ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૪૮૦ (૨.૩૦ ટકા)ના ઘટાડા સાથે રૂ.૬૨,૭૪૨ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૬૪,૩૦૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧,૪૭૫ (૨.૩૦ ટકા) ઘટી બંધમાં રૂ.૬૨,૭૪૮ના ભાવ થયા હતા.

બિનલોહ ધાતુઓમાં તાંબુ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૫૨૭ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૭.૯૫ (૧.૫૧ ટકા) વધી રૂ.૫૩૫.૯૦ બંધ થયો હતો, જ્યારે નિકલનો નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧,૧૫૫.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૫.૬૦ (૩.૦૭ ટકા) વધી બંધમાં રૂ.૧,૧૯૬.૯૦ના ભાવ થયા હતા. એલ્યુમિનિયમનો નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૫૪.૯૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૪૦ (૨.૧૯ ટકા) સુધરી રૂ.૧૫૮.૩૫ના સ્તરે રહ્યો હતો. સીસું નવેમ્બર વાયદો રૂ.૧૪૯.૭૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨.૮૫ (૧.૯૦ ટકા) વધી રૂ.૧૫૩ અને જસતનો નવેમ્બર વાયદો રૂ.૨૦૫.૭૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩.૮૦ (૧.૮૪ ટકા) વધી રૂ.૨૦૯.૯૦ના સ્તરે બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૨,૮૨૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૨૦૪ અને નીચામાં રૂ.૨,૭૪૪ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૨૫૨ (૮.૭૮ ટકા)ના ઉછાળા સાથે બંધમાં રૂ.૩,૧૨૩ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો નવેમ્બર વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૮.૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૪ (૧.૮૦ ટકા) સુધરી રૂ.૨૨૫.૭૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૧૪૭ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧,૧૮૨.૫૦ અને નીચામાં રૂ.૧,૧૩૯ સુધી જઈ, સપ્તાહના અંતે રૂ.૧૮.૫૦ (૧.૬૧ ટકા) વધી રૂ.૧,૧૬૬.૫૦ના સ્તરે બંધ થયો હતો.

રૂ (કોટન)નો નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૧૯,૭૭૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૯,૯૫૦ સુધી અને નીચામાં રૂ.૧૯,૫૫૦ સુધી જઈ, સપ્તાહના અંતે કોઈ ફેરફાર વગર આગલા રૂ.૧૯,૭૭૦ના જ સ્તરે સ્થિર રહ્યો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)નો નવેમ્બર વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૮૬૬.૬૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૩૩.૨૦ (૩.૮૧ ટકા) વધી રૂ.૯૦૪.૮૦ના ભાવે બંધ થયો હતો, જ્યારે મેન્થા તેલનો નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૫૨ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮.૭૦ (૦.૯૧ ટકા) વધી રૂ.૯૬૩.૮૦ના ભાવે બંધ થયો હતો.

# શિક્ષકોનું રિવિઝન, દરેક ચેપ્ટરના ૩ થી ૫ પિરિયડ ભણાવવા પડશે

રાજકોટ,તા.૧૪

કેન્દ્ર અને રાજ્ય સરકારની ગાઈડલાઈન મુજબ ગુજરાતમાં આગામી ૨૩મીથી ધો.૯ થી ૧૨ની સ્કૂલો શરૂ કરવા કવાયત ચાલુ થઈ ગઈ છે ત્યારે સરકારની માર્ગદર્શિકા મુજબ ૧૨ વિદ્યાર્થીઓના વર્ગની નીતિથી જો સ્કૂલોમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવશે તો દરેક શિક્ષકને તેમના વિષયના દરેક ચેપ્ટરના ઓછામાં ઓછા ૩ થી ૫ પિરિયડ લેવા પડશે. આ ઉપરાંત ૩૫ ટકા વિદ્યાર્થીઓ જો સ્કૂલે આવવા સંમતિ અને બાહેંધરીપત્રાક ભરશે તો જ સ્કૂલોમાં ઓફલાઈન એજ્યુકેશન શરૂ કરાશે તેવો નિર્ણય રાજકોટ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ એસોસિએશને લીધો છે. રાજકોટ શહેરમાં આગામી ૨૩મીથી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલો શરૂ કરવા તૈયારીનો ધમધમાટ અત્યારથી જ શરૂ થઈ ગયો છે જેમાં સૌથી અગત્યની વાત એ છે કે કેન્દ્ર સરકારની એસઓપી મુજબ એક વર્ગખંડમાં ૧૨ થી ૨૨ જેટલા જ વિદ્યાર્થીઓ બેસાડી શકાશે. ત્યારે શિક્ષકોનું શેડ્યૂલ કેવી રીતે ગોઠવાશે, સિલેબસ કેવી રીતે પૂરો થશે, ઓફલાઈન એજ્યુકેશન અને ઓનલાઈન એજ્યુકેશન વચ્ચે તાળામેળ કેવી રીતે જળવાશે સહિતના સવાલો વાલીઓના મનમાં ઉઠે તે સ્વબાવિક છે. રાજકોટ સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ એસોસિએશનના પૂર્વ પ્રમુખ જતીનભાઈ ભરાડે જણાવ્યું હતું કે હાલના સંજોગોમાં ઓડ-ઈવન પધ્ધતિથી સ્કૂલો શરૂ કરવા નિર્ણય કર્યો છે.


## ધી સર્વોદય સહકારી બેંક લી. મોડાસા

તા. ૩૧-૦૩-૨૦૨૦ના રોજની આંકડાકીય માહિતી(રકમ રૂ-લાખમાં)

| | | | | | |
|---|---|---|---|---|---|
| શેર ભંડાળ | ૧૫૩.૪૮ | ધિરાણ | ૨૬૬૬.૯૭ | ડીપોઝીટ | ૪૪૯૬.૯૧ |
| રિઝર્વ અને અન્ય ફંડો | ૯૭૨.૬૪ | કાર્યકારી ભંડોળ | ૬૨૭૮.૦૦ | નેટ NPA(%) | (Zero)% |
| ચોખ્ખો નફો | ૫૫.૬૭ | | | | |

ઈકબાલ હુસેન જી.ઈપ્રોલીયા
ચેરમેન

ઈબ્રાહીમભાઈ જી. બકરોલવાલા
મ. યાસીન જી. કાજી
મેને. ડિરેક્ટર

સલિમભાઈ આઈ મનવા
શાખ.ક. ચેરમેન


ફરહાના એમ.
મેનેજર

**બેંકમાં મુકેલી થાપણો રુ. પાંચ લાખ સુધી વિમાથી સુરક્ષિત છે.**










## 'અલ વાકબા'માં ૨૦ હજાર મીટરમાં બનશે બીએપીએસનું સ્વામિનારાયણ મંદિર

વડોદરા,તા.૧૪

સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ની રાજધાની અબુધાબીમાં 'અલ વાકબા' નામની જગ્યામાં ૨૦ હજાર વર્ગમીટર જમીનમાં બીએપીએસ સંસ્થા દ્વારા ભવ્ય સ્વામિનારાયણ મંદિર બનાવવામાં આવી રહ્યું છે, ત્યારે બીએપીએસ સંસ્થા દ્વારા મંદિરની ફાઈનલ ડિઝાઈન અને હાથથી કોતરેલા નકશીદાર પથ્થરના સ્તંભોની કામગીરી પૂર્ણ કરાઈ છે. આ ઉપરાંત બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ)ના જણાવ્યા અનુસાર, આ ભવ્ય મંદિર નિર્માણમાં હિંદુ ગ્રંથનાં મહાકાવ્યો, ધર્મગ્રંથો, પ્રાચીન કથાઓ અને ખાડી દેશોમાં લોકપ્રિય રૂપાંકનોનાં દશ્યો મંદિરના અગ્રભાગને સુશોભિત કરાશે. આ અંગે અબુધાબી સ્થિત ભારતીય દૂતાવાસના ઓફિશિયલ ટ્વિટર હેંડલ પરથી ટ્વીટ કરીને જાણકારી આપવામાં આવી છે. દૂતાવાસે ?ભારતમાં આકાર લઈ રહેલા અબુધાબીના પ્રથમ હિંદુ મંદિરનું જટિલ નકશીકામ? કેપ્શનથી ટ્વીટ કર્યું છે. ભારતીય દૂતાવાસના આંકડાઓ પ્રમાણે, યુએઈમાં ૨૬ લાખ ભારતીય રહે છે, જે ત્યાંની વસતિનો 30% ભાગ છે. યુએઈ સરકારે અબુધાબીમાં ?અલ વાકબા? નામની જગ્યાએ બીએપીએસને ૨૦,૦૦૦ વર્ગમીટરની જમીન આપી હતી, જે અબુધાબીથી 30 મિનિટના અંતરે છે. નરેન્દ્ર મોદીએ ૨૦૧૮માં પોતાના દુબઈના બે દિવસીય પ્રવાસ દરમિયાન ત્યાંના ઓપેરા હાઉસમાં વિડિયો-કોન્ફરન્સિંગ દ્વારા આ મંદિરનો શિલાન્યાસ કર્યો હતો.







## વલસાડમાં ફેક્ટરીમાં લાગી ભીષણ આગ, મોટી જાનહાની ટળી

અમદાવાદ,તા.૧૪

છેલ્લા કેટલાય સમયથી ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં આગ લાગવાના અનેક બનાવો સામે આવ્યા છે. હમણાં થોડા દિવસ પહેલા જ અમદાવાદના પીરાણા ખાતે પીપળજ રોડ પર આવેલ એક કેમિકલ ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બની હતી જેને લઈને વિવાદ હજુ શાંત નથી થયો ત્યાં વલસાડમાં પણ એક આગ લાગવાની ઘટના સામે આવી છે. વલસાડના ગુંદલાવ જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એક કંપનીમાં ભીષણ આગ લાગી. પ્લાસ્ટિકના દાણા બનાવતી કંપનીમાં વિકરાળ આગ લાગી જેને પગલે આસપાસના વિસ્તારમાં અફરાતફરીનો માહોલ છવાયો. ઘટનાની જાણ થતા વલસાડ ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી અને આગ પર કાબુ મેળવાના પ્રયાસ હાથ ધર્યા.













શુભ દિપાવલી

નુતન વર્ષાભિનંદન

માનવંતા તમામ ખેડુત ભાઈઓ તથા વેપારી મિત્રોને સમગ્ર ઉદેશી પરિવાર તરફથી દિપાવલી તથા નુતન વર્ષની હાર્દિક શુભકામનાઓ.


મનુભાઈ જી ઉદેશી (મનુદાદા)

ડાયરેક્ટરશ્રી

ઈશેદુ એગ્રોકેમ પ્રા. લિ

સ્ટેટ હાઈવે નંબર ૪૧, જગાણા, પાલનપુર, જી- બનાસકાંઠા



























Amit Dave , co-ordination , Shree samast Gujarat brahm samaj ( Rajya kaksha ) mobile : 9426088484







Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.